પરિક્ષેત્ર વન અધિકારી (RFO), વર્ગ-૨ સંવર્ગના ૩૬૫ અધિકારીઓની આંતરિક બદલીના આદેશ

# રાજ્યમાં વન વિભાગના અધિકારીઓની મોટી બદલી: મધ્ય ગુજરાતમાં પણ વ્યાપક ફેરફાર

વડોદરા: ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે રાજ્યભરમાં ફરજ બજાવતા પરિક્ષેત્ર વન અધિકારી (RFO), વર્ગ-૨ના અધિકારીઓની સામૂહિક બદલી કરવામાં આવી છે. સચિવાલય દ્વારા બહાર પાડવામાં આવેલી યાદી મુજબ, રાજ્યના વિવિધ સર્કલ અને રેંજમાં કાર્યરત કુલ ૩૬૫ અધિકારીઓને નવી નિમણૂંક સોંપવામાં આવી છે. આ ફેરબદલમાં મધ્ય ગુજરાતના વડોદરા, પંચમહાલ (ગોધરા), દાહોદ, છોટાઉદેપુર, ખેડા, આણંદ અને મહીસાગર જિલ્લાઓમાં પણ મોટાપાયે ખાતાકીય ફેરફાર જોવા મળ્યા છે. વન્યજીવ સંરક્ષણથી લઈને સામાજિક વનીકરણ જેવી મહત્વની શાખાઓમાં અધિકારીઓની અદલાબદલી કરવામાં આવી છે. તમામ બદલી પામેલા અધિકારીઓને તાત્કાલિક અસરથી તેમની હાલની ફરજ પરથી મુક્ત થઈ નવી જગ્યાનો હવાલો સંભાળી લેવા સૂચના આપવામાં આવી છે.

| ક્રમ | અધિકારીનું નામ | હાલની જગ્યા | બદલીનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | અજયસિંહ લાલસિંહ ભાટી | ખેડબ્રહ્મા રેંજ, સાબરકાંઠા | શિવરાજપુર રેંજ, વડોદરા વન્યજીવ |
| ૨ | છત્રસિંહ ધનજીભાઈ વસાવા | આંતરસુબા રેંજ, ગાંધીનગર | રાજપીપળા, સિલ્વા ડીવીઝન |
| 3 | વિકેશભાઈ કામરિયાભાઈ રાઠવા | ધાંગધ્રા રેંજ, કણજેટા રેંજ, | વડોદરા વન્યજીવ |
| ૪ | હરેશભાઈ જેતાભાઈ વંદા | માંડવી (દક્ષિણ) રેંજ, સુરત | રાજપીપળા રેંજ, નર્મદા |
| ૫ | રવિન્દ્રસિંહ પ્રવિણસિંહ વાઘેલા | માંડવી (ઉત્તર) રેંજ, સુરત | સોરાપાડા રેંજ, નર્મદા |
| ૬ | મિતલકુમાર અરવિંદભાઈ પટેલ | નેસુ (પૂર્વ) રેંજ, વ્યારા ઠાસરા | વિસ્તરણ રેંજ, નડીયાદ સા.વ. |
| ૭ | હાર્દિક કચરાભાઈ ચૌધરી | આહવા (પૂર્વ) રેંજ, ડાંગ | ગરબાડા વિસ્તરણ રેંજ, દાહોદ સા.વ. |
| ૮ | મનીષકુમાર અન્નાભાઈ સોનવણે | સાકરપાતલ રેંજ, ડાંગ | એમ.એસ. બોડેલી, છોટાઉદેપુર |
| ૯ | ચિરાગ અરવિંદભાઈ માછી | શામગહન રેંજ, ડાંગ | શિનોર વિસ્તરણ રેંજ, વડોદરા સા.વ. |
| ૧૦ | રોહિતકુમાર વિનોદચંદ્ર પટેલ | શેહરા રેંજ, ગોધરા | લુણાવાડા વિસ્તરણ રેંજ, ગોધરા સા.વ. |
| ૧૧ | તેજસભાઈ મહેશભાઈ પટેલ | સાંજણ રેંજ, વલસાડ | સ્ટ્રાઇકીંગ ફોર્સ, ગોધરા |
| ૧૨ | સરલાબેન પ્રતાપભાઈ કટારા | રાજગઢ રેંજ, ગોધરા | ઝાલોદ વિસ્તરણ રેંજ, દાહોદ સા.વ. |
| ૧૩ | મહેશકુમાર દિલાવરભાઈ ડામોર | ગોધરા (પૂર્વ) રેંજ, ગોધરા | ધાનપુર વિસ્તરણ રેંજ, દાહોદ સા.વ. |
| ૧૪ | મહિપાલસિંહ મહેન્દ્રસિંહ પરમાર | વેજલપુર રેંજ, ગોધરા | ગોધરા વિસ્તરણ રેંજ, ગોધરા સા.વ. |
| ૧૫ | સતીશ શિવાભાઈ બારિયા | હાલોલ રેંજ, ગોધરા | પાવી-જેતપુર વિસ્તરણ રેંજ, વડોદરા સા.વ. |
| ૧૬ | શ્રુતિબેન પ્રતાપસિંહ મહિડા | એમ.એસ. હાલોલ, ગોધરા | કડાણા વિસ્તરણ રેંજ, ગોધરા સા.વ. |
| ૧૭ | મહેશકુમાર કનુભાઈ પરમાર | દાહોદ રેંજ, બારીયા દાહોદ | વિસ્તરણ રેંજ, દાહોદ સા.વ. |
| ૧૮ | શર્મિષ્ઠાબેન શાંતિલાલ માલીવાડ | સંજેલી રેંજ, બારીયા લીમખેડા | વિસ્તરણ રેંજ, દાહોદ સા.વ. |
| ૧૯ | ભરતસિંહ ગુલાબસિંહ સોલંકી | લીમખેડા રેંજ, બારીયા | ફતેપુરા વિસ્તરણ રેંજ, દાહોદ સા.વ. |
| ૨૦ | મુકેશકુમાર લક્ષ્મણસિંહ બારીયા | ગરબાડા રેંજ, બારીયા | ઘોઘંબા વિસ્તરણ રેંજ, ગોધરા સા.વ. |
| ૨૧ | મૌલિક નરેન્દ્રભાઈ પ્રજાપતિ | રણધીકપુર રેંજ, બારીયા | ખાનપુર વિસ્તરણ રેંજ, ગોધરા સા.વ. |
| ૨૨ | ધર્મેન્દ્રકુમાર ભરતસિંહ બારીયા | સરજુમી રેંજ, બારીયા | સંતરોડ (મોરવા) વિસ્તરણ રેંજ,ગોધરા સા.વ. |
| ૨૩ | વિઠ્ઠલભાઈ ધનકાભાઈ રાઠવા | રંગપુર રેંજ, છોટાઉદેપુર | નસવાડી વિસ્તરણ રેંજ, વડોદરા સા.વ. |
| ૨૪ | અમિતકુમાર લક્ષ્મણભાઈ બારિયા | ડોલરીયા રેંજ, છોટાઉદેપુર | કરજણ વિસ્તરણ રેંજ, વડોદરા સા.વ. |
| ૨૫ | જયદીપસિંહ કિરણસિંહ સોલંકી | એમ.એસ. છોટાઉદેપુર | પાવી જેતપુર રેંજ, છોટાઉદેપુર |
| ૨૬ | રાકેશકુમાર જીવણજીભાઈ વણકર | નસવાડી રેંજ, છોટાઉદેપુર | સંખેડા વિસ્તરણ રેંજ, વડોદરા સા.વ. |
| ૨૭ | ઇશ્વરભાઈ મંગળભાઈ તાવીયાડ | સંતરામપુર (પશ્ચિમ) રેંજ | એમ.એસ. સંતરામપુર, મહીસાગર |
| ૨૮ | હીરાભાઈ સમકરભાઈ રાઠવા | કેવડીયા ડીવીઝન | છોટાઉદેપુર વિસ્તરણ રેંજ, વડોદરા સા.વ. |
| ૨૯ | વિજયકુમાર ગોવિંદસિંહ ગઢવી | ચુડા વિસ્તરણ રેંજ, સુરેન્દ્રનગર | શેહરા રેંજ, ગોધરા |
| 30 | હિતેશકુમાર અજીતસિંહ પરમાર | ઉમરેઠ વિસ્તરણ રેંજ, આણંદ | એમ.એસ. હાલોલ, ગોધરા |
| ૩૧ | હસમુખભાઈ કોદરભાઈ ડાભી | વડાલી વિસ્તરણ રેંજ, સાબરકાંઠા | બોરીઆડ રેંજ, છોટાઉદેપુર |
| ૩૨ | ગોપાલકૃષ્ણ અમરાભાઈ પટેલ | ઇડર વિસ્તરણ રેંજ, સાબરકાંઠા | ડીટવાસ, મહીસાગર |
| 33 | સિદ્ધાર્થ ભાનુભાઈ ચૌધરી | ધનસુરા વિસ્તરણ રેંજ | ખાનપુર રેંજ, મહીસાગર |
| ૩૪ | સંજયકુમાર લક્ષ્મણભાઈ ખરાડી | વિજયનગર વિસ્તરણ રેંજ | સરજુમી રેંજ, બારીયા |
| ૩૫ | હિતેશકુમાર અજીતસિંહ પરમાર | ઉમરેઠ વિસ્તરણ રેંજ | એમ.એસ. હાલોલ, ગોધરા |

## મધ્ય ગુજરાતમાંથી અન્ય સ્થળે બદલી થયેલા અધિકારીઓ

**વડોદરા / ગોધરા / બારીયા**

**રણવીરસિંહ નરેન્દ્રસિંહ પુવાર:** શિવરાજપુર રેંજ, વડોદરાથી બદલી થઈને મોરવા રેંજ, ગોધરા ખાતે.
**જયંતિભાઈ ઉદાભાઈ બારીયા:** કણજેટા રેંજ, વડોદરાથી શહેરા વિસ્તરણ રેંજ, ગોધરા સા.વ. ખાતે.
**નિમેશકુમાર તુલસીભાઈ બારિયા:** સંખેડા વિસ્તરણ રેંજથી એમ.એસ. છોટાઉદેપુર ખાતે.
**અમિતકુમાર મહાદેવભાઈ ચૌધરી:** શહેરા વિસ્તરણ રેંજથી રાજગઢ રેંજ, ગોધરા ખાતે.
**મુકેશભાઈ સરદારસિંહ પટેલ:** ગોધરા વિસ્તરણ રેંજથી ફતેપુરા રેંજ, બારીયા ખાતે.
**દિનેશભાઈ હીરાભાઈ ભાભોર:** ઉનાથી વેજલપુર રેંજ, ગોધરા ખાતે આવ્યા.
**પ્રશાંતકુમાર ડાહ્યાભાઈ કુંવર:** કોડીનારથી દાહોદ રેંજ, બારીયા ખાતે આવ્યા.

**આણંદ / ખેડા**

**રાધિકા પ્રવિણભાઈ જોશી:** આંકલાવ વિસ્તરણ રેંજથી નડીયાદ ઓફીસ ખાતે.
**વિરુબેન અરજણભાઈ ગોરડિયા:** બોરસદ વિસ્તરણ રેંજથી વડોદરા વન્યજીવ સર્કલ ઓફીસ ખાતે.
**હિતેશકુમાર અજીતસિંહ પરમાર:** ઉમરેઠ વિસ્તરણ રેંજથી એમ.એસ. હાલોલ ખાતે.

**નિર્દેશ:** બદલી પામેલા તમામ અધિકારીઓએ તાત્કાલિક પોતાની હાલની જગ્યાએથી ફરજમુકત થઈ નવી જગ્યાનો હવાલો સંભાળી લેવાનો રહેશે

બાઈક સ્લીપ થતા સર્જાયો ગમખ્વાર અકસ્માત

# કરજણના નારેશ્વર રોડ પર કાળમુખા ડમ્પરે માસૂમ બાળકી અને યુવકનો ભોગ લીધો

**નાસ્તો** લઈને પરત ફરી રહેલા પરિવારને માર્ગમાં જ કાળ આંબી ગયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.30
વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના નારેશ્વર રોડ પર સોમવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. નર્મદા નદીના કિનારે આવેલા લીજ વિસ્તારમાં જવાના માર્ગે એક બાઈક અચાનક સ્લીપ થઈ જતાં સર્જાયેલા અકસ્માતમાં 2 વર્ષની માસૂમ બાળકી અને એક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. પાછળથી આવી રહેલા પુરપાટ ઝડપી હાઈવા ડમ્પરના ટાયર નીચે બંને કચડાઈ જતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કરજણના ભાઠા વિસ્તારમાં રહેતો એક ઈસમ પોતાની બાઈક પર ૨ વર્ષની બાળકી અને અન્ય એક શખ્સ સાથે નારેશ્વર ખાતે નાસ્તો લેવા માટે આવ્યો હતો. નાસ્તો ખરીદીને જ્યારે તેઓ ત્રણેય બાઈક પર પરત ફરી રહ્યા હતા, ત્યારે કાળ તેમની રાહ જોઈને બેઠો હતો. નારેશ્વર રોડ પર કાચા રસ્તાના ચીલામાં અચાનક બાઈકનું ટાયર સ્લીપ થઈ ગયું હતું. બાઈક સ્લીપ થતા જ તેના પર સવાર ત્રણેય વ્યક્તિઓ રસ્તા પર પટકાયા હતા. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલા એક હાઈવા ડમ્પરના ચાલકે બ્રેક મારવાનો મોકો મળે તે પહેલા જ ડમ્પર બાઈક સવારો પર ફરી વળ્યું હતું.

આ ગમખ્વાર અકસ્માતમાં 2 વર્ષની બાળકી અને બાઈક પર સવાર યુવક ડમ્પરના તોતિંગ ટાયર નીચે કચડાઈ ગયા હતા, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરુ ઊડી ગયું હતું.



અકસ્માતને પગલે આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કાચા રસ્તા અને ભારે વાહનોની અનિયંત્રિત ગતિને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. નાસ્તો લઈને ખુશી-ખુશી ઘરે પરત ફરી રહેલા પરિવાર પર આભ તૂટી પડતા શોકનું મોજું ફરી વળ્યું છે.

# કોંગ્રેસનું 'આરોપનામું', જીજ્ઞેશ મેવાણીએ વડોદરાની દયનીય સ્થિતિ મુદ્દે સરકારને ઘેરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.30
ભારતીય જનતા પાર્ટીના શાસનમાં વડોદરા મહાનગરપાલિકામાં વ્યાપક ભ્રષ્ટાચાર અને વહીવટી નિષ્ફળતાના વિરોધમાં આજે વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીની આગેવાનીમાં ભાજપ સરકાર વિરુદ્ધ "આરોપનામું" (ચાર્જશીટ) જાહેર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેવાણીએ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, સંસ્કારી નગરી વડોદરા આજે ભ્રષ્ટાચાર અને કુશાસનનો પર્યાય બની ગઈ છે.

ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગાયકવાડ શાસનથી લઈને 1995 સુધી કોંગ્રેસના શાસનમાં વડોદરાની ઓળખ ઔદ્યોગિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક નગરી તરીકેની હતી. ડામર રોડ, શુદ્ધ પાણી, અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં વડોદરા રાજ્યમાં અગ્રેસર હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ભાજપ, કોર્પોરેશન અને બિલ્ડર-કોન્ટ્રાક્ટર લોબીની સાંઠગાંઠને કારણે શહેરની હાલત દયનીય બની છે.

મેવાણીએ ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, હવે વડોદરામાં એવી કોઈ મોસમ બાકી નથી જેમાં શહેર પાણીમાં ગરકાવ ન થતું હોય. અત્યાર સુધીમાં 11 વખત શહેર જળબંબાકાર બન્યું છે. તેમણે વિશ્વામિત્રી નદીની દુર્દશા અને પૂરની સ્થિતિ માટે ભાજપના ભ્રષ્ટ વહીવટને સીધો જવાબદાર ગણાવ્યો હતો.

હરણી બોટ દુર્ઘટનાનો ઉલ્લેખ કરતા તેમણે ભાવુક સ્વરે જણાવ્યું કે, માત્ર પૈસાની લાલચમાં નિર્દોષ બાળકોએ જીવ ગુમાવ્યા છે. પીડિત પરિવારો જ્યારે ન્યાય માટે મુખ્યમંત્રી પાસે ગયા, ત્યારે તેમને પૂછવામાં આવ્યું કે 'તમે કયા એજન્ડા સાથે આવ્યા છો ?' આ સવાલ અત્યંત નિંદનીય છે. મેવાણીએ પ્રશ્ન ઉઠાવ્યો કે જો મુખ્ય જવાબદારો હજુ પણ કાનૂની પકડથી દૂર હોય, તો જનતા ન્યાય માટે કોની પાસે જાય ? તેમણે માંગ કરી કે સુરત, રાજકોટ અને વડોદરા જેવી ઘટનાઓના દોષિતોને જેલના સળિયા પાછળ મોકલવા જોઈએ.

પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં મેવાણીએ રાજકોટના પત્રકાર સુરેન્દ્રભાઈ વડેચા સાથે ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી દ્વારા થયેલા કથિત ગેરવર્તનનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે પત્રકાર વિરુદ્ધ ફેલાવવામાં આવતી મેડિકલ રિપોર્ટની અફવાઓ પાયાવિહોણી છે અને પોલીસ તંત્ર સત્ય દબાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

## મુંબઈથી પત્ની સાથે સમાધાન માટે આવેલા પતિ સહિતના પરિવાર પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા, તા, 30
વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં પારિવારિક મતભેદને લઈ ભારે હોબાળો થતા મારામારીની ઘટના સામે આવી છે. મુંબઈ નિવાસી ઈરફાન ખલીલ ખાન (ઉ.વ. 41), જે જુના એસીના લે-વેચનો વ્યવસાય કરે છે, તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ ઈરફાન ખાન પોતાની પત્ની, બાળકો અને મિત્રો સાથે પોતાની સાળી ઉમ્બેખુલસુમને તેના પતિ સાથે ચાલી રહેલા મતભેદને સમાધાન કરવા માટે વડોદરા આવ્યા હતા. તેઓ બપોરના અઢી વાગ્યાના આસપાસ તાંદલજા વિસ્તારમાં આવેલા તાજ રેસિડન્સી નજીક પહોંચ્યા હતા અને સાળી સાથે વાતચીત કરી રહ્યા હતા. આ દરમિયાન સાળાના પતિ સદ્દામ સમસાદ ખાન તેની બે બહેનો આફરીનબાનુ અને રોઝીનાને લઈને ત્યાં આવી પહોંચ્યા હતા. તેઓએ "અમારા પતિ-પત્નીના મામલામાં પડશો નહીં" કહીને બોલાચાલી શરૂ કરી હતી. વાત વધતા ગાળો બોલવામાં આવી અને બાદમાં ઝઘડો હિંસક બન્યો હતો. સદ્દામ ખાન અને તેની બહેનોએ ઈરફાન ખાન, તેમની પત્ની અને સાળી પર હુમલો કર્યો હતો. સાથે જ "મુંબઈથી અહીં ફરી આવ્યો છે, હવે જીવતો પાછો નહીં જા" કહી જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. ઘટના દરમિયાન આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને વચ્ચે પડી મામલો શાંત પાડ્યો હતો. ત્યારબાદ ઈરફાન ખાને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસ સ્થળ પર પહોંચી અને તમામને પોલીસ સ્ટેશન લઈ જઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# વડોદરામાં ગુપ્તા સમોસા સેન્ટર સહિત ખાદ્યપદાર્થ 22 નમુના ફેઈલ: આરોગ્ય વિભાગની મોટી કાર્યવાહી

**માંજલપુર**, સ્ટેશન અને કારેલીબાગની જાણીતી હોટલોમાં પાલિકાનો સપાટો

(પ્રતિનિધિ) વડોદરા, તા.30
શહેરના નાગરિકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર અને આરોગ્ય અમલદારના માર્ગદર્શન હેઠળ ફૂડ સેફ્ટી ઓફિસરોએ રેસ્ટોરન્ટ, ડેરી, અને વેપારી એકમોમાં તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન પનીર, દૂધ, ચીક્કી, ઘી અને ગોળ જેવા ખાદ્ય પદાર્થોના શંકાસ્પદ નમુના લેવામાં આવ્યા હતા. આ નમુનાઓને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલતા 22 જેટલા નમુના 'સબ-સ્ટાન્ડર્ડ' જાહેર થયા છે. આ તમામ 22 વેપારીઓ અને પેઢીઓ સામે પાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

નમુના નાપાસ થયા હોય તેવી પેઢીઓની યાદી:
1.જીતુભાઈ શ્યામલાલ ખેરાજમલાની (શ્રી સીધ્ધી વિનાયક કોમ્પ્લેક્ષ, ફારમજી રોડ): રેસ્ટોરન્ટમાં 'પનીર'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 2.જગદીપસિંહ સુખરાજસિંહ ઓઠરી (પીન્ડ દી ગલી, વેમાલી): રેસ્ટોરન્ટમાં 'પનીર'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 3.ગુલસનકુમાર અજયકુમાર (ટ્રી હાઉસ રેસ્ટોરન્ટ, માંજલપુર): રેસ્ટોરન્ટમાં 'તોફુ (સોયામૃત)'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 4.દિપક ભવાનીશંકર કુમાર (અક્ષર એન્ટરપ્રાઇઝ, કારેલીબાગ): હોટલ/રેસ્ટોરન્ટમાં 'પનીર'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 5.મુકેશ નારાયણ મખીજાની (પંજાબી ઝાયકા, માંજલપુર): રિટેલર પાસે 'પનીર'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 8.યોગેશ પરશોત્તમભાઈ અગ્રવાલ (ગુપ્તા સમોસા સેન્ટર, માંજલપુર): રિટેલર પાસે 'પામોલીન તેલ'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 9.લખન ધામેલીયા (મુરલીધર દુધ ડેરી, અટલાદરા બીલ રોડ): રિટેલર પાસે 'દૂધ'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો.



10.પટેલ અવિનાશ સુભાષભાઈ (શ્રી હમસોહમ ડેરી, માંજલપુર): ડેરીમાં 'ગાયના દૂધ'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો.11.રમેશભાઈ ખ્યાલીરામ જોષી (કૃષ્ણા ડેરી, સમા-સાવલી રોડ): રિટેલર પાસે 'ફુલ ક્રીમ મીલ્ક'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 12.દીપક શાંતીલાલ કાનાની (જય શ્રી સંતોષી ડેરી ફાર્મ, તરસાલી રોડ): ડેરીમાં 'ગાયના દૂધ'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 13.પરમાર નીશાબેન દેવેન્દ્રભાઈ (એમ/એસ પફ પોઈન્ટ, મકરપુરા GIDC): ઉત્પાદક પેઢીમાં 'પફ'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 14.ભોપાભાઈ ભરવાડ (મોમાઈરાજ દુધ ડેરી, ખોડીયારનગર): રિટેલર પાસે 'ઘી'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 15.બાલક્રિષ્ણ ગોપાલદાસ શાહ (ગાયત્રી ભવન, સયાજીગંજ): ફૂડ વેન્ડિંગ એકમમાં 'પનીર ટીક્કા મસાલા'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 16.મહેશભાઈ અગ્રવાલ (શ્રી જગદંબા ફરસાણ માર્ટ, ફતેગંજ): રિટેલર પાસે 'સીંગ ચીક્કી'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 17.મહેશભાઈ અગ્રવાલ (શ્રી જગદંબા ફરસાણ માર્ટ, ફતેગંજ): રિટેલર પાસે 'તલ ચીક્કી'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 18.શૈલેષ જી. શાહ (ખંડેલવાલ ફરસાણ માર્ટ, ચોખંડી): ઉત્પાદક પેઢીમાં 'સીંગ ચીક્કી'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 19.ગીરજાકાંત સીંઘલ (બજરંગ ટ્રેડર્સ, ગોત્રી): રિટેલર પાસે 'ગોળ'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 20.રાજુલાલ દાલચંદ કલાલ (દેવદર્શન સુપર સ્ટોર, વાસણા): રિટેલર પાસે 'ગોળ'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 21.શૈલેષ વી. ઠાકર (સત્યવિજય ફરસાણ હાઉસ, રાજમહેલ રોડ): રિટેલર પાસે 'સુરતી ઉંધીયુ'નો નમુનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો. 22.અમીત ગોપાલભાઈ પ્રજાપતી (ખોડીયાર પ્રોવીઝન સ્ટોર,

## પોક્સોના ગુનામાં સજા કાપતા આરોપીની જામીન અરજી નામંજૂર

વડોદરા તા.30
વડોદરા શહેરના પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગંભીર પોક્સો કેસમાં આરોપી દ્વારા કરવામાં આવેલી નિયમિત જામીન અરજીને કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે. કેસની વિગત મુજબ, આરોપી ફરિયાદીનો પાડો શી છે અને ફરિયાદીની લગભગ 9 વર્ષની સગીર પુત્રી તેના ઘરે અભ્યાસ માટે ગઈ હતી ત્યારે આરોપીએ તેની સાથે જાતીય શોષણ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યાનો ગંભીર આક્ષેપ કરાયો છે. પીડિતાનું નિવેદન તેમજ મહત્વના પુરાવો પણ એકત્ર કરાયા છે. તપાસ અધિકારીએ કોર્ટ સમક્ષ સોગંદનામું રજૂ કરી જામીનનો વિરોધ કર્યો હતો. સાથે જ પીડિતાની માતાએ પણ આરોપીને જામીન પર મુક્ત કરવાની માંગ સામે કડક વાંધો નોંધાવ્યો હતો. કોર્ટએ કેસની ગંભીરતા, પીડિતાની નાની ઉંમરને ધ્યાનમાં રાખીને જણાવ્યું કે આ તબક્કે આરોપીને જામીન પર મુક્ત કરવું યોગ્ય નથી. તપાસ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં કેસ હાલ પેન્ડિંગ છે. જેથી કોર્ટએ આરોપી ચાવડા વિવેકની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો આદેશ કર્યો છે.

# નર્મદા મેઈન કેનાલ ઉપર જોખમી રીતના કૂદીને યુવાનો કેનાલમાં કૂદકા મારીને સ્નાન

(પ્રતિનિધિ) નસવાડી, તા.30
નસવાડી તાલુકાના રતનપુરા ગામ પાસે નર્મદા ની મેઈન કેનાલ પસાર થાય છે અને નસવાડી કવાંટ મેઈન રોડ પસાર થતો હોવાથી નર્મદા નિગમે બ્રિજ ઉપર જાળીઓ પણ મારેલી છે જ્યારે આ બ્રિજ ઉપર કેટલાક યુવાનો જાળીઓ ઉપર ચઢીને નર્મદા મેઈન કેનાલ માં કૂદી ને સ્નાન કરી રહ્યા છે. જ્યારે આ જોખમી સ્નાન થી યુવાનો નો જીવ પણ જઈ શકે તેમ છે કેનાલ માં 15 મીટર ઊંડું પાણી છે જે જગ્યા ઉપર યુવાનો સ્નાન કરે છે તે જગ્યા ઉપર મગરો ની વસ્તી પણ આવેલી છે ત્યારે યુવાનો ને જીવ નું જોખમ પણ રહેલું છે હાલ તો ગરમી ની સિઝન માં યુવાનો ગરમી થી રાહત મેળવવા માટે જોખમી સ્નાન કરી રહ્યા છે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)

આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com


# નર્મદા જિલ્લામાં એકતાનગરના કેટલાંક વિસ્તારોને 'NO DRONE ZONE' વિસ્તાર જાહેર કરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.30
નર્મદા જિલ્લામાં ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર ખાતે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કેટલાંક વિસ્તારોને 'NO DRONE ZONE' જાહેર કરી તે વિસ્તારમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતાં ડ્રોન (DRONE) ચલાવવાની/ઓપરેટ કરવાની મનાઈ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જાહેરનામા મુજબ નર્મદા માતાજીની મૂર્તિ - ન્યુ ગોરા બ્રીજ - મોખડી ડેમ સાઈટ - CHPH/RBPH તેમજ ડાઈક નં.૧ એરોડ્રામથી ડાઈક નં.૪, ટેન્ટ સીટીથી ભુમલીયા ઝીરો પોઈન્ટથી નર્મદા માતાજીની મૂર્તિ સુધીનો સમગ્ર વિસ્તાર, ગુરૂકુલ હેલીપેડ વિસ્તાર, નર્મદા ઘાટ વિસ્તારનો સમાવેશ કરાયો છે.

પિતા અને પુત્રીના પવિત્ર સંબંધો પર કુઠરાઘાત

# પિતાનો 12 વર્ષની સગી પુત્રી પર બળાત્કાર, પેટમાં દુખાવો થતાં ભાંડો ફુટ્યો

**અંકલેશ્વરમાં** જામનગરથી રોજગારી માટે આવેલા પરિવારમાં પિતા નરાધમ બન્યો, પોલીસે ધરપકડ કરી

અંકલેશ્વર: અંકલેશ્વર પંથકમાં સગા પિતાએ જ પોતાની ૧૨ વર્ષની સગીર દીકરી પર દુષ્કર્મ આચરી તેને દોઢ માસની ગર્ભવતી બનાવી દીધી હોવાની ઘટના પ્રકાશમાં આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

જામનગરથી રોજગારી અર્થે અંકલેશ્વર વિસ્તારમાં આવેલા એક પરિવારે ભાડાના મકાનમાં વસવાટ શરૂ કર્યો હતો. પરિવારમાં ૧૨ વર્ષની સગીર બાળકી પણ રહેતી હતી. દરમિયાન ૩૫ વર્ષીય સગા પિતાની જ દીકરી ઉપર દાનત બગડતાં તેણે વારંવાર પોતાની સગી દીકરી સાથે ઘરમાં જ દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. અચાનક બાળકીના પેટમાં ભારે દુખાવો ઉપડતાં પરિવારજનોએ તેને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડી હતી. તપાસ દરમિયાન બાળકી ગર્ભવતી હોવાનું સામે આવતાં તબીબો અને પોલીસ તંત્ર પણ ચોંકી ઊઠ્યું હતું. બાદ બાળકીની પૂછપરછ કરતાં સગા પિતા દ્વારા જ દુષ્કર્મ કરવામાં આવતું હોવાનો ભેદ ખૂલ્યો હતો. ઘટનાની ગંભીરતા સમજી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી આરોપી પિતાની ધરપકડ કરી હતી. પોલીસ દ્વારા આરોપી સામે બળાત્કાર તથા પોક્સો અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. પીડિત બાળકી હાલ ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટનાએ સમગ્ર અંકલેશ્વર સહિત ભરૂચ જિલ્લામાં આક્રોશ ફેલાવ્યો છે. સતત સામે આવી રહેલા આવા કિસ્સાઓને લઈને સમાજમાં સવાલો ઊઠી રહ્યા છે કે આજે ઘરમાં પણ બાળકીઓ કેટલા સુરક્ષિત છે તે મોટો પ્રશ્ન બની રહ્યો છે.


**આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**
Aadhar Housing Finance Ltd
કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 802, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - 400069.
ગોધરા બ્રાન્ચ: શોપ નં. 3, પ્રથમ માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-389001

**પરિશિષ્ટ IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જ્યારે, અધોહસ્તાક્ષરકર્તા સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વંચાણમાં લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલ લોનધારક(કો)/જામીનદાર(કો) ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવવા માટે માંગણી નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. લોનધારક રકમ પરત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી લોનધારક(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સદરહુ એક્ટની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002 ના નિયમ 8 સાથે વંચાણમાં લેતા તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. લોનધારકનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં એક્ટની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. ખાસ કરીને લોનધારક અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર તેના પરના વ્યાજ સાથે અહીં નીચે જણાવેલ રકમ માટે AHFL ના ચાર્જને આધીન રહેશે.

| અ. નં. | લોનધારક(કો)/સહ-લોનધારક(કો) ના નામ (શાખાનું નામ) | સુરક્ષિત અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત) | માંગણી નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 17610000185/ ગોધરા શાખા) કિરણસિંહ બળવંતસિંહ ખેર (લોનધારક) વર્ષાબેન કિરણસિંહ ખેર (સહ-લોનધારક) | પ્રોપર્ટીનો તમામ ભાગ અને પાર્સલ, જી.એફ અને એફ.એફ મકાન નં: 41 મંદિર વાળું ફળિયું અડાદરા થી દાંતોલ રોડ, દાંતોલ પંચમહાલ ગુજરાત 389341, સીમાઓ:- પૂર્વ - વિરેન્દ્રસિંહ પ્રવીણસિંહનું મકાન, પશ્ચિમ- જીવતસિંહ ભરતસિંહનું મકાન, ઉત્તર- ખુલ્લી જમીન, દક્ષિણ - જાહેર આરસીસી રોડ | 11-08-2025 & ₹ 3,62,790/- | 29-03-2026 |

સ્થળ: ગુજરાત
તારીખ: 31.03.2026
અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**
IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૪૦૪૦૯૧૮૧ | મિલકત સામે લોન | ૧. સંજયકુમાર પરમાર ૨. ગણપતભાઈ પરમાર ૩. કલ્પનાબેન સંજયકુમાર પરમાર | ૧૮.૦૩.૨૦૨૬ | રૂા.૧,૯૧,૧૪૪.૮૬/– |

**મિલકત સરનામુ :** ગ્રામ પંચાયતની મિલકત કે જેનો મિલકત નં. ૪/૭૧,ગામતળ ની જમીન મા આવેલુ રહેણાંક નુ મકાન ગામ ખેડા કરમાશિયા તાલુકા વાઘોડીયા, વડોદરા, ગુજરાત–૩૯૧૫૧૦ ખાતે આવેલ છે. મિલકત નુ માપ ૧૨૧૮.૭૦ ફુટ જેની ચતુર્દિશા :**ઉત્તર તરફ** : અરવિંદભાઈ પરમાર નું ઘર,**પૂર્વ તરફ** : વાડો,**દક્ષિણ તરફ** : ઈશ્વરભાઈ પરમાર નું ઘર, **પશ્ચિમ તરફ** : જાહેર રોડ આવેલ છે.

આથી તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
તારીખ : ૩૧.૦૩.૨૦૨૬
સ્થળ : વડોદરા,ગુજરાત